કુવૈતમાં અમેરિકી દૂતાવાસ પર ઈરાનનો હુમલો

દુબઈ, તા. 2 (એપી): સોમવારે કુવૈત પર ઈરાની હુમલા બાદ ત્યાં આવેલા અમેરિકી દૂતાવાસના સંકુલની અંદરથી આગ અને ધુમાડો નીકળતા જોવા મળ્યો હતા. એસોસિએટેડ પ્રેસ દ્વારા પ્રાપ્ત થયેલા વીડિયોમાં સાયરનના અવાજ સાથે ધુમાડો નીકળતો દેખાયો હતો. અમેરિકાએ અગાઉ ત્યાં રહેતા અમેરિકનોને આશ્રય લેવા અને ઘરની અંદર રહેવા માટે ચેતવણી જારી કરી હતી. તેમાં વધુ વિગતો આપ્યા વિના જણાવાયું હતું કે: 'દૂતાવાસમાં આવશો નહીં.'

ઈરાનના સુપ્રીમ લીડર બાદ હવે તેમના પત્નીનું પણ નિધન

તેહરાન, તા. 2
ઈરાની મીડિયાએ અહેવાલ આપ્યો છે કે, ઈરાનના સુપ્રીમ લીડર આયાતુલ્લા અલી ખામેનીના પત્ની મન્સૂરેહ ખોજાસ્તેહ બાઘેરઝાદેહનું શનિવારે મોત થયું હતું - તેમનું અમેરિકા-ઈઝરાયેલના હુમલામાં થયેલી ઈજાઓને કારણે મૃત્યુ થયું છે, તે 79 વર્ષના હતા.તસ્નીમ ન્યૂઝ એજન્સીએ જણાવ્યું હતું કે, શનિવારે થયેલા હુમલામાં ખામેનીના મૃત્યુ પછી તે કોમામાં હતા. બંનેના લગ્ન 1964માં થયા હતા અને તે મોટા ભાગે જાહેર જીવનથી દૂર રહેતા હતા. તેમના વિશે બહુ ઓછી માહિતી ઉપલબ્ધ છે, પરંતુ આ દંપતીના છ બાળકો હતા. 86 વર્ષીય ખામેની શનિવારે વહેલી સવારે તેહરાનમાં અમેરિકા-ઈઝરાયેલના સંયુક્ત હવાઈ હુમલામાં તેમના સંકુલ પર બોમ્બમારામાં માર્યા ગયા હતા. ઈરાની સરકારી મીડિયાએ રવિવારે આ મૃત્યુની પુષ્ટિ કરી હતી. આ હુમલામાં તેમના પરિવારના ચાર સભ્યો, જેમાં તેમની પુત્રી અને એક પૌત્રનો સમાવેશ થાય છે, તે પણ માર્યા ગયા હતા. ખામેનીના ટોચના સલાહકાર અલી શમખાની અને ઈરાનના શક્તિશાળી રિવોલ્યુશનરી ગાર્ડ્સના વડા જનરલ મોહમ્મદ પાકપોર પણ મૃતકોમાં સામેલ હતા. એક મુખ્ય બચી ગયેલી વ્યક્તિ, ઈરાનની સર્વોચ્ચ રાષ્ટ્રીય સુરક્ષા પરિષદના વડા અલી લારિજાનીએ બદલાની પ્રતિજ્ઞા લીધી છે. ખામેની ક્રાંતિના સ્થાપક રૂહોલ્લાહ ખામેનીના ઉત્તરાધિકારી હતા. 1989થી તેમની 'વાર્તા' પશ્ચિમી પ્રભાવ સામે અતૂટ પડકારની હતી.

અમેરિકા-બ્રિટન વચ્ચે તકરાર

વોશિંગ્ટન, તા. 2:
અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે બ્રિટિશ વડા પ્રધાન કીર સ્ટોર્મર સામે નારાજગી વ્યક્ત કરી છે. ટ્રમ્પના જણાવ્યા અનુસાર, સ્ટોર્મરે ઈરાન પર હુમલો કરવા માટે હિંદ મહાસાગરમાં આવેલા બ્રિટિશ સૈન્ય મથક 'ડિએગો ગાર્સિયા'નો ઉપયોગ કરવાની પરવાનગી આપી ન હતી. ટ્રમ્પે એક ઇન્ટરવ્યુમાં કહ્યું કે બ્રિટિશ પીએમ આંતરરાષ્ટ્રીય કાયદાઓ અને તેની વૈધાનિકતાને લઈને ચિંતિત હતા, જે બાબત અમેરિકા માટે કષ્ટદાયક છે. આ વિવાદને કારણે ટ્રમ્પે વિવાદાસ્પદ 'ચાગોસ ડીલ' પરથી પોતાનું સમર્થન પાછું ખેંચી લીધું છે. બીજી તરફ, કીર સ્ટોર્મરે સ્પષ્ટતા કરી છે કે બ્રિટેન ઈરાન પરના હુમલામાં સીધું સામેલ નથી. જોકે, રવિવાર રાત્રે તેમણે નરમ વલણ અપનાવતા કહ્યું કે તેઓ 'ચોક્કસ અને મર્યાદિત ડિફેન્સિવ હેતુ' માટે અમેરિકાને બ્રિટિશ બેઝનો ઉપયોગ કરવા દેશે. સ્ટોર્મરે ઉમેર્યું કે બ્રિટિશ જેટ્સ માત્ર ઈરાન દ્વારા બ્રિટિશ સંપત્તિઓ અને નાગરિકો પર થતા જોખમને રોકવા માટે જ સંયુક્ત સંરક્ષણ કામગીરીનો હિસ્સો બનશે. ડિએગો ગાર્સિયા પર બ્રિટન પાસે 99 વર્ષની લીઝ છે, જે અમેરિકા માટે વ્યૂહાત્મક રીતે અત્યંત મહત્વનું છે.

કતારે ઈરાનના 2 યુદ્ધવિમાનો તોડી પાડ્યા

દુબઈ, તા. ૨ (એપી) ગલ્ફ દેશ કતારે જણાવ્યું છે કે, તેના વાયુદળે ઈરાનના બે યુદ્ધવિમાનો તોડી પાડ્યા છે.કતારના સંરક્ષણ મંત્રાલયે સોમવારે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, તેમના દળોએ સોવિયેત યુગના બે સુખોઈ એસયુ-24 બોમ્બર તોડી પાડ્યા છે.

ખામેનીના મોતના વિરોધમાં કાશ્મીરમાં સતત બીજા દિવસે પ્રદર્શનો

કાશ્મીર ઘાટીમાં 75 જેટલા રેલી-પ્રદર્શન યોજાયા

જમ્મુના રાજૌરીમાં આજે પણ બંધનું એલાન

હિંસક અથડામણમાં 14 ઈજાગ્રસ્ત; ખીણમાં ઈન્ટરનેટ અને શાળાઓ બંધ

શ્રીનગર, તા. 2 (પીટીઆઈ): અમેરિકા અને ઈઝરાયલના સંયુક્ત હુમલામાં ઈરાનના સર્વોચ્ચ નેતા આયોતલ્લાહ અલિ ખામેનીનાં મોતના વિરોધમાં જમ્મુ-કાશ્મીરમાં સોમવારે સતત બીજા દિવસે ઉગ્ર પ્રદર્શન થયા. વિરોધ પ્રદર્શનો દરમિયાન કેટલાક સ્થળોએ ફાટી નીકળેલા ઘર્ષણમાં 6 સુરક્ષાકર્મીઓ અને 8 પ્રદર્શનકારીઓ મળી કુલ 14 લોકો ઈજાગ્રસ્ત થયા છે.

પરિસ્થિતિને ધ્યાનમાં રાખી પ્રશાસને અનેક વિસ્તારોમાં લોકોની અવરજવર પર નિયંત્રણો મૂકી, શૈક્ષણિક સંસ્થાઓ બંધ રાખી અને મોબાઈલ ઈન્ટરનેટની ગતિ ઘટાડીને સાવચેતીના પગલાં લીધા છે.

અધિકારીઓ મુજબ, કાશ્મીર ઘાટીમાં 75 જેટલા રેલી-પ્રદર્શન યોજાયા, જ્યારે જમ્મુ વિસ્તારમાં પણ કેટલાક સ્થળોએ દેખાવો થયા. કેટલીક જગ્યાએ ભીડ વિખેરવા સુરક્ષા દળોને હળવો બળપ્રયોગ કરવો પડ્યો.

વિદ્યાર્થીઓની સલામતી અને કાયદો-વ્યવસ્થા જાળવવા બે દિવસ માટે તમામ શૈક્ષણિક સંસ્થાઓ બંધ રાખવામાં આવી.

જમ્મુના રાજૌરીમાં મુસ્લિમ સંગઠનોએ મંગળવારે પણ બંધનું એલાન આપ્યું છે.

કુવૈતની મોટી ભૂલ: અમેરિકાના 3 ફાઈટર જેટ્સ તોડી પાડ્યા

ઈરાન સામેના યુદ્ધ દરમિયાન 'ફ્રેન્ડલી ફાયર'ની ઘટના; તમામ 6 પાયલોટ સુરક્ષિત

દુબઈ, તા. 2 (એપી): અમેરિકી સૈન્યએ સોમવારે જણાવ્યું હતું કે કુવૈતે લડાયક મિશન દરમિયાન 'ભૂલથી' ત્રણ અમેરિકન એફ-15ઈ સ્ટ્રાઈક ઈગલ્સ તોડી પાડ્યા હતા જ્યારે ઈરાને દેશ પર હુમલો કર્યો હતો.

યુએસ મિલિટરીના સેન્ટ્રલ કમાન્ડે જણાવ્યું હતું કે આ લડાઈમાં ઈરાની વિમાનો, બેલેસ્ટિક મિસાઈલો અને ડ્રોન દ્વારા કરવામાં આવેલા હુમલાઓનો સમાવેશ થાય છે, આ પ્રથમ વખત છે જ્યારે ઈરાનનો વર્ષો જૂનો લડાયક કાફલો યુદ્ધમાં સામેલ થયો છે.

તેણે કહ્યું, 'યુએસ એરફોર્સના ફાઈટર જેટ્સ કુવૈતી એર ડિફેન્સ દ્વારા ભૂલથી તોડી પાડવામાં આવ્યા હતા. તમામ છ એરક્રૂ સુરક્ષિત રીતે બહાર નીકળી ગયા હતા, તેમને સુરક્ષિત રીતે બચાવી લેવામાં આવ્યા છે અને તેઓ સ્થિર સ્થિતિમાં છે. કુવૈતે આ ઘટનાનો સ્વીકાર કર્યો છે, અને અમે કુવૈતી સંરક્ષણ દળોના પ્રયત્નો અને આ ચાલુ ઓપરેશનમાં તેમના સમર્થન માટે આભારી છીએ.'

ઈરાનના વચગાળાના નેતાના મોતના સમાચાર વાયરલ

નવી દિલ્હી. ઈરાનના નવા વચગાળાના સર્વોચ્ચ નેતા આયાતુલ્લા અલીરિઝા અરાફીના હવાઈ હુમલામાં મોત થયાના અહેવાલો સોશિયલ મીડિયા પર વાયરલ થયા છે, જેના કારણે ઈરાનમાં ભારે અનિશ્ચિતતાનો માહોલ છે. જોકે, ઈરાનના સત્તાવાર મીડિયા કે આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ દ્વારા આ દાવાની કોઈ પુષ્ટિ કરવામાં આવી નથી અને તહેરાન તરફથી નેતૃત્વમાં કોઈ ફેરફાર અંગે સત્તાવાર નિવેદન પણ આવ્યું નથી. આ દરમિયાન ઈઝરાયેલ-ઈરાન સંઘર્ષ વધુ તીવ્ર બન્યો છે. ઈઝરાયેલે ઈરાન ઉપરાંત લેબનોનમાં હીઝબુલ્લાહના ઠેકાણાઓને નિશાન બનાવ્યા છે. લેબનોનની ન્યૂઝ એજન્સી મુજબ, બેરૂતના દક્ષિણી પરા વિસ્તારોમાં થયેલા ઈઝરાયેલી હુમલામાં 31 લોકોનાં મોત થયાં છે અને 149 લોકો ઈજાગ્રસ્ત થયા છે. હીઝબુલ્લાહે ઈરાનના પૂર્વ નેતા અલી ખામેનીના મોતનો બદલો લેવા મિસાઈલ અને ડ્રોન હુમલા કર્યા હતા, જેનો જવાબ ઈઝરાયેલ આપી રહ્યું છે. બીજી તરફ, ઈરાનમાં પણ ઈઝરાયેલના હવાઈ હુમલા ચાલુ છે. તેહરાનમાં વિસ્ફોટો સંભળાયા છે, જ્યારે પશ્ચિમ કુર્દિસ્તાન પ્રાંતના સનંદજ શહેરમાં થયેલા હુમલામાં 3 લોકોનાં મોત થયાં છે. ઈરાનના રિવોલ્યુશનરી ગાર્ડ્સે તેલ અવીવમાં સરકારી સંકુલ, હાઈફા અને પૂર્વ જેરૂસલેમના સુરક્ષા કેન્દ્રોને નિશાન બનાવી મિસાઈલ છોડ્યા છે. સૈન્યએ ચેતવણી આપી છે કે આ હુમલાઓ વધુ વિસ્તરશે.

બહેરીન રણમેદાન બન્યું...

અમેરિકા અને ઈઝરાયેલના હુમલા બાદ ઈરાને વળતો પ્રહાર કરતા બહેરીનને નિશાન બનાવ્યું છે. બહેરીન વ્યૂહાત્મક રીતે મહત્વનું છે કારણ કે ત્યાં અમેરિકી નૌસેનાના 'ફિફ્થ ફ્લીટ'નું મુખ્ય મથક આવેલું છે. અમેરિકી નેવી બેઝ પર હુમલો: મનામામાં આવેલા અમેરિકી નૌકાદળના બેઝ પર ઈરાની મિસાઈલો ત્રાટકી હતી. આ હુમલામાં 3 અમેરિકી સૈનિકોના મોત થયા છે અને ૫ ઘાયલ થયા છે. પ્રેસિડેન્ટ ડોનાલ્ડ ટ્રમ્પે આનો બદલો લેવાની જાહેરાત કરી છે. કોમર્શિયલ ટેન્કર પર નિશાન: બહેરીન પોર્ટ પર ઉભેલા અમેરિકાના ધ્વજ ધરાવતા 'સ્ટેના ઈમ્પેરેટિવ' ટેન્કર પર બે મિસાઈલો લાગતા તેમાં ભીષણ આગ લાગી હતી. રહેણાંક વિસ્તારોમાં તબાહી: મનામાની પ્રખ્યાત 'કાઉન પ્લાઝા' હોટેલ અને 'લ્વેકર' એપાર્ટમેન્ટ ટાવર પર ડ્રોન અને મિસાઈલના અવશેષો પડતા આગ લાગી હતી અને અનેક લોકો ઈજાગ્રસ્ત થયા છે. એરપોર્ટ બંધ: બહેરીન ઈન્ટરનેશનલ એરપોર્ટ પર પણ ડ્રોન હુમલો થતા હાલ વિમાની સેવાઓ સ્થગિત કરી દેવામાં આવી છે. બહેરીન સૈન્યની કાર્યવાહી બહેરીન એર ડિફેન્સે ઈરાન તરફથી આવતા ખતરાને રોકવા પૂરી તાકાત લગાવી દીધી છે: ૪૫ મિસાઈલ અને ૯ ડ્રોનને હવામાં જ તોડી પાડવામાં આવ્યા છે. જોકે, તોડી પાડવામાં આવેલી મિસાઈલોનો કાટમાળ પડવાથી સલમાન ઇન્ડસ્ટ્રિયલ સિટીમાં એક એશિયન શ્રમિકનું મોત થયું છે.

ઈરાનમાં 'ટ્રમ્પ ડાન્સ'ની ધૂમ!!

YMCA'' ગીત પર ડાન્સ કરીને ઈરાનીઓએ મનાવી આઝાદીની ઉજવણી; ટ્રમ્પે કહ્યું- ''દેશ પાછો મેળવવાની આ શ્રેષ્ઠ તક''

મધ્ય પૂર્વના ઈતિહાસમાં શનિવારનો દિવસ એક વળાંક સમાન સાબિત થયો છે. અમેરિકા અને ઈઝરાયેલના સંયુક્ત ઓપરેશનમાં ઈરાનના સર્વોચ્ચ નેતા આયાતુલ્લા અલી ખામેનેઈના મોતના સમાચાર આવતા જ ઈરાની નાગરિકોમાં હર્ષની લાગણી પણ જોવા મળી રહી છે.

સોશિયલ મીડિયા પર 'ટ્રમ્પ ડાન્સ'નો ટ્રેન્ડ: વિશ્વભરમાં ફેલાયેલા ઈરાની નાગરિકો અને ખુદ ઈરાનની અંદરથી પણ એવા વીડિયો સામે આવી રહ્યા છે જેમાં લોકો ડોનાલ્ડ ટ્રમ્પના પ્રખ્યાત 'ટ્રમ્પ ડાન્સ' (YMCA ગીત પર થતી સિગ્નેચર સ્ટેપ્સ) ની નકલ કરી રહ્યા છે. પ્રદર્શનકારીઓ આ ડાન્સ દ્વારા અમેરિકી રાષ્ટ્રપતિનો આભાર માની રહ્યા છે. 1989 થી ચાલી રહેલા કડક ઈસ્લામિક શાસન અને ખામેનેઈના 36 વર્ષના દમનકારી શાસનનો અંત આવતા લોકો પોતાની ખુશી વ્યક્ત કરી રહ્યા છે.

બગદાદ એરપોર્ટ પર યુએસ સૈનિકો પર ડ્રોન હુમલો

દુબઈ, તા. 2 (એપી): એક ઈરાકી શિયા મિલિશિયાએ સોમવારે ઈરાકની રાજધાની બગદાદના એરપોર્ટ પર અમેરિકન સૈનિકોને નિશાન બનાવીને ડ્રોન હુમલો કર્યો હોવાનો દાવો કર્યો છે. આ હુમલાથી ઈરાનના સર્વોચ્ચ નેતા આયાતુલ્લા અલી ખામેનીની હત્યાના બદલાની આશંકા વધુ વકરી છે. આ જૂથ, 'સરાયા અવલિયા અલ-દમ' 2003માં અમેરિકાના નેતૃત્વમાં થયેલા ઈરાક આક્રમણ બાદ ઈરાકમાં સક્રિય શિયા મિલિશિયા જૂથો પૈકીનું એક છે, જેણે સદ્દામ હુસેનને સત્તા પરથી હટાવ્યા હતા. અમેરિકા અને ઈરાકે આ દાવા પર તાત્કાલિક કોઈ ટિપ્પણી કરી નથી. આ હુમલો એવા સમયે થયો છે જ્યારે લેબનીઝ જૂથ હિઝબુલ્લાહ સહિત ઈરાન-સમર્થિત મિલિશિયાઓ અમેરિકા અને ઈઝરાયેલ દ્વારા શરૂ કરાયેલા યુદ્ધમાં કૂદી પડ્યા છે, જેમાં ઈરાનના ધર્મતંત્ર (થિયોક્રસી)ને લક્ષ્યાંક બનાવીને હવાઈ હુમલા કરવામાં આવ્યા છે.

નેતન્યાહુની ઓફિસ અને એરફોર્સ હેડક્વાર્ટર પર ઈરાનના મિસાઈલ હુમલા

ઇરાનના હુમલામાં જ્યાં નવ જણા માર્યા ગયા હતા તે સ્થળે ઇઝરાયેલી વડાપ્રધાન પીડિતો સાથે વાત કરતા દેખાયા

ઇઝરાયેલના એરફોર્સ કમાન્ડ વડામથક પર હુમલો, જેરૂસલેમમાં ફરીથી ધડાકા સંભળાયા

તહેરાન, તા. ૨: ઈરાનના ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ (IRGC) એ સોમવારે દાવો કર્યો હતો કે તેણે ઈઝરાયેલની સરકારી અને સૈન્ય સંસ્થાઓ પર હુમલા કર્યા છે, જેમાં તેલ અવીવમાં વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુની ઓફિસ અને હાઈફા તથા પૂર્વ જેરૂસલેમમાં સુરક્ષા સ્થળોનો સમાવેશ થાય છે, તેમ સરકારી સમાચાર એજન્સી IRNA એ જણાવ્યું હતું.

IRGC એ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, ઝિઓનિસ્ટ શાસનના અપરાધી વડાપ્રધાનની ઓફિસ અને શાસનના એરફોર્સ કમાન્ડરના હેડક્વાર્ટરને નિશાન બનાવવામાં આવ્યા હતા. ગાર્ડ્સે જણાવ્યું હતું કે આ હુમલાઓમાં ઈઝરાયેલના એરફોર્સ કમાન્ડરના હેડક્વાર્ટરને પણ નિશાન બનાવવામાં આવ્યું હતું. ઈઝરાયેલના વડાપ્રધાનની સ્થિતિ અચોક્કસ હોવાનું ઈરાની મીડિયાએ જણાવ્યું હતું. જો કે હુમલાના કલાકો બાદ, ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુ બેઈત શેમેશમાં ઈરાની મિસાઈલ હુમલાના સ્થળે જાહેરમાં દેખાયા હતા, જ્યાં નવ લોકોનાં મોત થયા હતા. તેમણે જણાવ્યું હતું કે અમેરિકા-ઈઝરાયેલ અભિયાનનો ઉદ્દેશ્ય અસ્તિત્વ સામેના જોખમોને ખતમ કરવાનો છે અને સાથે જ ઈરાનની અંદર પરિવર્તન માટેની પરિસ્થિતિઓનું નિર્માણ કરવાનો છે. પીડિત પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરતા નેતન્યાહુએ કહ્યું, ઈરાનનું આતંકવાદી શાસન નાગરિકો પર ગોળીબાર કરે છે, અને અમે નાગરિકોની સુરક્ષા માટે આતંકવાદી શાસન પર હુમલો કરીએ છીએ. આ એક બહુ મોટો તફાવત છે.

ઈરાનના રિવોલ્યુશનરી ગાર્ડ્સે જણાવ્યું હતું કે વળતા પ્રહારના દસમા તબક્કા દરમિયાન લક્ષિત સ્થળો પર ભારે હુમલો કરવામાં આવ્યો હતો. ઈરાની સરકારી મીડિયાએ દાવો કર્યો હતો કે બેન્જામિન નેતન્યાહુનું ભાગ્ય અનિશ્ચિત છે. જો કે કલાકો પછી નેતાન્યાહુ જાહેરમાં દેખાયા હતા. તેહરાને જાહેરાત કરી છે કે શનિવારે સર્વોચ્ચ નેતા અલી ખામેનીની હત્યા કરનાર સંયુક્ત યુએસ-ઈઝરાયેલ હુમલા બાદ તેણે મિસાઈલ અને ડ્રોન હુમલાની દસ લહેરો શરૂ કરી છે.

ઈરાનનું 'સસ્તું' યુદ્ધ પશ્ચિમી દેશોને પડશે મોંઘું

રૂ. 3૨ લાખનું ડ્રોન તોડવા રૂ. 3૬ કરોડનો ખર્ચ!

તેહરાન પાસે ૧ લાખ ડ્રોનનો કાફલો, જ્યારે પશ્ચિમી દેશો પાસે મિસાઈલ ખૂટી જવાનો ડર

વર્તમાન સંઘર્ષે આધુનિક યુદ્ધના અર્થશાસ્ત્રને બદલી નાખ્યું છે. ઈરાન તેની 'સંખ્યાબળ'ની શક્તિનો ઉપયોગ કરીને પશ્ચિમી દેશોના સંસાધનો અને તિજોરી ખાલી કરી રહ્યું છે. યુદ્ધના મેદાનમાં અત્યારે એક અસમાન અને આર્થિક રીતે નુકસાનકારક લડાઈ જોવા મળી રહી છે:

ઈરાની ડ્રોન (Shahed): એક ડ્રોન બનાવવાનો ખર્ચ માત્ર $35,000 એટલે કે આશરે ૩૨ લાખ છે. ઈન્ટરસેપ્ટર મિસાઈલ: આ એક સસ્તા ડ્રોનને હવામાં તોડી પાડવા માટે અમેરિકા કે ઈઝરાયેલે જે મિસાઈલ છોડવી પડે છે, તેનો ખર્ચ $5,00,000 થી $40,00,000 એટલે કે ૪.૫ કરોડ થી ૩૬.૬૦ કરોડ સુધીનો હોય છે. ઈરાન પાસે અંદાજે ૮૦,૦૦૦થી ૧,૦૦,૦૦૦ ડ્રોનનો વિશાળ ભંડાર છે. તેની સામે પશ્ચિમી દેશો પાસે અત્યંત મોંઘી એવી ઈન્ટરસેપ્ટર મિસાઈલોનો જથ્થો ઘણો મર્યાદિત છે. જો ઈરાન દરરોજ ૨,૫૦૦ ડ્રોન છોડવાનું ચાલુ રાખે, તો પશ્ચિમી દેશોના ડિફેન્સ સ્ટોક ગણતરીના અઠવાડિયામાં જ ખાલી થઈ શકે છે. ઈરાને એકસાથે ઈઝરાયેલ, UAE, કુવૈત, બહેરીન, કતાર અને સાઉદી અરેબિયા સ્થિત અમેરિકી બેઝ પર હુમલા કર્યા છે. આટલા વિશાળ વિસ્તારમાં સંરક્ષણ પ્રણાલીને ફેલાવવાથી તે નબળી અને ખર્ચાળ બની રહી છે. ઈરાનનો હેતુ માત્ર ભૌતિક નુકસાન કરવાનો જ નથી, પણ દુશ્મનને આર્થિક રીતે પાયમાલ કરવાનો અને તેમની કિંમતી મિસાઈલો ખાલી કરાવવાનો છે. એકવાર પશ્ચિમી દેશોનો મિસાઈલ જથ્થો પૂરો થઈ જાય, પછી ઈરાન તેના વધુ ઘાતક અને લાંબા અંતરના મિસાઈલ હુમલા કરી શકે છે, જેને રોકવા સુરક્ષા કવચ વિના લગભગ અશક્ય બની જશે.

ફસાયેલા ભારતીયો માટે ઇન્ડિગોની ૧૦ ખાસ રાહત ફ્લાઇટ્સ

આજે જેદ્દાહથી અમદાવાદ, મુંબઈ, દિલ્હી અને હૈદરાબાદ માટે ઉડાન; નાગરિક ઉડ્ડયન મંત્રાલયનું કડક મોનિટરિંગ

નવી દિલ્હી, તા. 2 (PTI): મધ્ય પૂર્વમાં ચાલી રહેલા સંકટને કારણે ફસાયેલા મુસાફરોને પાછા લાવવા માટે ઇન્ડિગો 3 માર્ચના રોજ જેદ્દાહથી ભારતના ચાર શહેરો માટે 10 ખાસ રાહત ફ્લાઇટ્સ ઓપરેટ કરશે.

એક સૂત્રએ જણાવ્યું હતું કે, જેદ્દાહથી હૈદરાબાદ, મુંબઈ, દિલ્હી અને અમદાવાદ માટે ફ્લાઇટ્સ ચલાવવામાં આવશે. નાગરિક ઉડ્ડયન મંત્રાલયે સોમવારે જણાવ્યું હતું કે, તે મધ્ય પૂર્વના કેટલાક ભાગોમાં હવાઈ ક્ષેત્રની બદલાતી સ્થિતિ અને આંતરરાષ્ટ્રીય ફ્લાઇટ ઓપરેશન્સ પર તેની અસર પર નજીકથી નજર રાખી રહ્યું છે. મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, ''ઇન્ડિગોએ ફસાયેલા મુસાફરોને પરત લાવવા માટે 3 માર્ચ, 2026ના રોજ જેદ્દાહથી ભારત માટે 10 ખાસ રાહત ઓપરેશનનું આયોજન કર્યું છે. આ કામગીરી જરૂરી મંજૂરીઓ અને વર્તમાન હવાઈ ક્ષેત્રની સ્થિતિને આધીન રહેશે. ઇન્ડિગો મુસાફરોની સુવિધા માટે જેદ્દાહમાં ભારતના કોન્સ્યુલેટ જનરલ સાથે સંકલન કરી રહી છે.'' જેદ્દાહ સાઉદી અરેબિયાનું એક મુખ્ય શહેર છે. 28 ફેબ્રુઆરીથી અમેરિકા અને ઈઝરાયેલ દ્વારા ઈરાન પર કરવામાં આવેલા હુમલાઓને પગલે મધ્ય પૂર્વમાં ઘણા હવાઈ માર્ગો બંધ કરી દેવામાં આવ્યા છે, જેના કારણે ફ્લાઇટ્સમાં મોટો વિક્ષેપ પડ્યો છે અને ફ્લાઇટ રદ થવાને કારણે મુસાફરો વિવિધ શહેરોમાં ફસાયા છે. મંત્રાલયના જણાવ્યા અનુસાર, ભારતીય એરલાઇન્સે તેમના શેડ્યૂલમાં જરૂરી ફેરફારો કર્યા છે, જેમાં પ્રતિબંધિત હવાઈ ક્ષેત્રને ટાળીને વૈકલ્પિક માર્ગો દ્વારા લોંગ-હોલ અને અલ્ટ્રા લોંગ-હોલ ઓપરેશન્સને ફરીથી શરૂ કરવામાં આવી રહ્યા છે.

સોમવારે નાગરિક ઉડ્ડયન મંત્રી કે. રામમોહન નાયડુની અધ્યક્ષતામાં મળેલી બેઠકમાં પરિસ્થિતિની સમીક્ષા કરવામાં આવી હતી.

ઈરાન સાથેના જંગમાં પ્રથમ અમેરિકી જાનહાનિ: 3 સૈનિકોનાં મોત

કુવૈતમાં આવેલ અમેરિકન થાણા પર ઇરાને હુમલો કરતા આ જાનહાનિ થઇ

ટ્રમ્પે કહ્યું- 'હજુ વધુ જાનહાનિ થઈ શકે છે'

વોશિંગ્ટન, તા.૨(એપી): રવિવારે લશ્કર દ્વારા કરવામાં આવેલી જાહેરાત મુજબ, ઈરાન પર અમેરિકાના હુમલા દરમિયાન ત્રણ અમેરિકન સૈનિકો માર્યા ગયા છે અને અન્ય પાંચ ગંભીર રીતે ઘાયલ થયા છે. આ એક મોટા આક્રમણમાં થયેલી પ્રથમ અમેરિકન જાનહાનિ છે, જેના વિશે પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું છે કે આગામી અઠવાડિયામાં આવી વધુ જાનહાનિ થવાની શક્યતા છે. મૃત્યુ પામેલા ત્રણ સૈનિકો કુવૈતમાં તૈનાત યુએસ આર્મીના સૈનિકો હતા, જેઓ પુરવઠા અને લોજિસ્ટિક્સની દેખરેખ રાખતી ટુકડીનો ભાગ હતા. આ માહિતી આ બાબતથી પરિચિત એવા વ્યક્તિએ આપી છે જેમને જાહેર ટિપ્પણી કરવાની સત્તા નથી. આ બાબત અગાઉ એનબીસી ન્યૂઝ અને ધ વોશિંગ્ટન પોસ્ટ દ્વારા પણ જણાવવામાં આવી હતી. મધ્ય પૂર્વનું સંચાલન કરતા યુએસ સેન્ટ્રલ કમાન્ડે 'એક્સ' (X) પર એક પોસ્ટમાં મૃત્યુની પુષ્ટિ કરી હતી, પરંતુ તેઓ ક્યારે અને ક્યાં માર્યા ગયા તે જણાવ્યું ન હતું. ઈરાન, અમેરિકા અને ઈઝરાયેલના સંયુક્ત હુમલાનો બદલો લઈ રહ્યું છે. પોસ્ટમાં જણાવાયું છે કે અન્ય કેટલાકને સામાન્ય ઇજાઓ અને આંચકા લાગ્યા છે જેઓ કામ પર પાછા ફરશે. રવિવારે બપોરે ટ્રુથ સોશિયલ પ્લેટફોર્મ પર પોસ્ટ કરાયેલા છ મિનિટના વીડિયોમાં ટ્રમ્પે કહ્યું, અમે ઘાયલોની સંપૂર્ણ સ્વસ્થતા માટે પ્રાર્થના કરીએ છીએ અને શહીદોના પરિવારો પ્રત્યે અમારો અપાર પ્રેમ અને આભાર વ્યક્ત કરીએ છીએ. તેમણે વધુમાં ઉમેર્યું, દુર્ભાગ્યવશ, આ બધું પૂરું થાય તે પહેલાં આવી ઘટનાઓ હજુ બનવાની શક્યતા છે. પરિસ્થિતિ આવી જ છે. વધુ જાનહાનિ થઈ શકે છે, પરંતુ અમે તેને રોકવા માટે તમામ શક્ય પ્રયાસો કરીશું.

ગલ્ફ એરલાઇનોએ મર્યાદિત ફ્લાઇટો શરૂ કરી

મધ્ય પૂર્વમાં વિવિધ સ્થળે ફસાઇ ગયેલા લોકોને મોટી રાહત

ઇત્તિહાદની ૧૫ ફ્લાઇટો અબુધાબીથી રવાના, મુંબઇ માટે પણ રવાના થઇ

લંડન, ૨ માર્ચ(AP): ઈરાન પર અમેરિકા અને ઈઝરાયેલના હુમલા અને તેના જવાબમાં મધ્ય પૂર્વના વિવિધ સ્થળો પર ઈરાન દ્વારા કરવામાં આવેલા વળતા પ્રહારને કારણે સર્જાયેલી અશાંતિ અને હવાઈ ક્ષેત્ર બંધ થવાને લીધે ફસાયેલા મુસાફરો માટે સોમવારે રાહતના સમાચાર આવ્યા છે. સંયુક્ત આરબ અમીરાત (UAE)ની કેટલીક આંતરરાષ્ટ્રીય એરલાઈન્સે મર્યાદિત ફ્લાઈટ્સ ફરી શરૂ કરી છે.

અબુ ધાબી સ્થિત ઈતિહાદ એરવેઝ, દુબઈ સ્થિત એમિરેટ્સ અને બજેટ કેરિયર ફ્લાય દુબઈએ જણાવ્યું હતું કે તેઓ દેશમાંથી પસંદગીની ફ્લાઈટ્સનું સંચાલન કરશે. ફ્લાઈટ ટ્રેકિંગ સર્વિસ 'Flightradar24' ના જણાવ્યા અનુસાર, ત્યાં ફસાયેલા મુસાફરોને બહાર કાઢવામાં મદદ કરવા માટે સોમવારે અબુ ધાબી એરપોર્ટ પરથી ઈતિહાદની ઓછામાં ઓછી ૧૫ ફ્લાઈટ્સ રવાના થઈ હતી. આ ફ્લાઈટ્સ ઈસ્લામાબાદ, પેરિસ, એમ્સ્ટરડેમ, મુંબઈ, કૈરો અને લંડન જેવા વિવિધ સ્થળોએ ગઈ હતી. જો કે, નિયમિત કોમર્શિયલ ફ્લાઈટ્સ હજુ પણ રદ છે.

ભારત સરકારે ખામેનેઈની હત્યાને કેમ વખોડી નહીં?

નવી દિલ્હી, તા. ૨: ઈરાનના સર્વોચ્ચ નેતા અલી ખામેનેઈની હત્યાને ભારતે વખોડી નથી, જો કે આ જ ભારત સરકારે હાલ થોડા વર્ષ પહેલા ઈરાનના પ્રમુખ અલી રફસંજાનીનું હેલિકોપ્ટર અકસ્માતમાં અવસાન થયું ત્યારે રાષ્ટ્રીય શોક જાહેર કર્યો હતો. હાલમાં ભારતે માત્ર શાંતિપૂર્ણ મંત્રણા દ્વારા યુદ્ધનો અંત લાવવા અપીલ કરી છે.

આનું કારણ જણાવતા સૂત્રો જણાવે છે કે ભારત સાથે ખમેનીના સંબંધો છેલ્લા કેટલાક વર્ષોથી આદર્શ રહ્યા નથી. સરકારી સૂત્રોને ટાંકીને અહેવાલો જણાવે છે કે ભારતની બાબતોમાં ઈરાનના ભૂતપૂર્વ સર્વોચ્ચ નેતાએ (2010 થી 2024 દરમિયાન) ચાર વખત હસ્તક્ષેપ કર્યો હતો.